Vol. No. 01 Issue No. 4 March 2016 Price 30/-

બાળકો અને નવયુવાનો માટે

# હાદી માસિક

રજબુલ મુરજ્જબ

હિજરી સન ૧૪૩૭, એપ્રિલ - ૨૦૧૬

અંક- ૪



રૂ/. ૩૦

Publish 10th Every Month, RNI No: GUJGUJ/2015/59960

Registered under Postel Registration No: AHD-C/51/2015-2018 valid up to 31th December 2018

Issued by the SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 10th of every month

Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST

865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD - 382 440

બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !   અસ્સલામો અલયકુમ !

રજબુલ-મુરજ્જબનો મહીનો
ખુદાની રહેમતો અને બરકતો લઈને
આવી ગયો છે અને આપનું વહાલું માસિક હાદી પણ !!

આ માસમાં થએલાં પ્રસંગોને કારણે આ માસને ઘણું મહત્વ મળેલ છે.

રિવાયત પ્રમાણે આ માસ ‘‘મૌલાએ કાએનાત અ.સ.નો મહીનો’’ છે. આ મહીનામાં અનેક ઈમામોની પુણ્યશાળી જન્મતિથીઓ અને શહાદત સિવાય બેઅસતે રસૂલ અકરમ સ.અ.વ. પણ છે. આ એજ માસ છે કે જેની અંતિમ તિથીઓમાં ઈમામ હુસૈન અ.સ.ના કરબલાની દિશાના પ્રયાણની શરૂઆત થઈ હતી.

આ મહીનાની ૧૩મી-૧૪મી અને ૧૫મી તિથીઓ પણ ઘણું મહત્વ ધરાવે છે. આ તિથીઓમાં જ ‘‘અમલે ઉમ્મે દાઉદ’’ કરવામાં આવે છે જેની વિગતો શેખ અબ્બાસ કુમ્મી (રહ.) કૃત ‘‘મફાતીહુલ જિનાન’’માં છે.

વહાલા બાળકો! આ માસની બરકતોનો લાભ લેવાની આપણાં માટે એક તક છે. જેનો લાભ આપણે લેવો જ જોઈએ. આ મહીનામાં મહેફિલો, મજલિસો, આઅમાલ અને દુઆઓ વડે પોતાને શણગારવાનો પ્રયત્ન કરજો અને આ મહાન નેઅમત (કૃપા)નો લાભ લઈને પોતાની આખેરતને પણ શણગારી લેજો અને હા! અમને પણ પોતાની દુઆઓમાં સામેલ રાખજો હોં !!!

અને હા, નિશાળનું વેકેશન પણ ચાલુ છે તેથી પૂરેપૂરો સમય ખેલકૂદમાં બરબાદ કરી ના દેજો. ગરમીની ઋતુ છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખજો - ગરમીથી લૂ લાગવાથી બચીને રહેજો અને વધારેથી વધારે સમય કાઢી દીનની વાતો જાણવા-વાંચવા અને શીખવા ઉપર પુરતું ધ્યાન આપજો.

વસ્સલામ

بسم الله الرحمن الرحیم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

**મુખ્ય તંત્રી :**

સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

**કાર્યવાહક તંત્રી :**

સૈયદ મોહમ્મદ અફઝ્ર

સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

**સહાયકો :**

અહમદ રેઝા ઝુરારહ

તાલીમ રેઝા અજમેરી

એહસાન અલી રિઝવી

**અનુવાદક :**

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી આઇ. એ. એસ (નિવૃત્ત)

**શુષોભન :**

Heb Grafix મોહમ્મદ તાહીર

9898937633 E-mail: smtahir202@gmail.com

**ટુરીંગ એજન્ટ :**

સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો:

| | |
|---|---|
| **અમદાવાદઃ** | (૧) શબ્બીર ભાઈ નુરાની, ફોનઃ ૯૩૭૬૧૬૮૩૦૬ |
| | (૨) મૌલાના ઝફરુલ હસન, ફોનઃ ૯૩૨૭૫૩૬૬૩૮ |
| | (૩) ઝાકીર ભાઈ મોમીન, ફોનઃ ૯૩૨૭૦૪૧૩૧૪ |
| **ભાવનગરઃ** | મુસ્તાકભાઈ વિરાણી, ફોનઃ ૯૮૨૪૫૩૮૧૧૪ |
| **મહુવાઃ** | મહેદીરઝા એમ. બંભોરા, ફોનઃ ૯૯૨૪૩૨૭૨૨૭ |
| **કાણોદરઃ** | નૌશાદભાઈ, જાફરી ચેનલ, ફોનઃ ૯૯૯૮૭૭૩૬૧૧ |
| **મેતાઃ** | મોહસીનભાઈ કદાવાલ, ફોનઃ ૯૮૯૮૩૬૯૦૮૯ |
| **ભરૂચઃ** | મુશ્તાકઅલી પાનવાલા, ફોનઃ ૯૮૨૪૨૪૩૦૫૧ |
| **ધોળકાઃ** | કમરઅલી મોમીન |
| **અંજારઃ** | રફીકભાઈ ખોજા, ફોનઃ ૯૯૨૫૩૧૮૬૨૧ |
| **રૂસ્તમપૂરાઃ** | સૈયદ આશીક હુસૈન, ફોનઃ ૯૮૨૪૧૧૯૩૭૨ |
| **રાજૂલાઃ** | મૌલાના હસન મહેદી, ફોનઃ ૯૯૦૪૧૪૬૧૧૦ |
| **સેલવાસાઃ** | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી, ફોનઃ ૯૮૨૫૯૯૯૯૭૮ |
| **સિહોરઃ** | હસનઅલી વજીરઅલી વસાયા, ફોનઃ ૯૮૭૯૯૬૯૮૬૮ |
| **કચ્છઃ** | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર, ફોનઃ ૯૮૨૪૨૧૬૪૭૦ |
| **ડેડીયાપાડાઃ** | રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી, ફોનઃ ૯૪૨૭૧૭૫૨૩૧ |

***ખાસ નોંધ:*** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

## વિગતો માટે સંપર્ક :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ, ગુજરાત, ભારત**

E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org

***PHONE NO: 079-25892786, 94266 78614, 70969 21472, 97247 37865***

**વાર્ષિક લવાજમ: રૂપિયા ૩૦૦/–**

# ખુદાની દયા-કૃપાની
# છત્રછાયા

રસૂલે અક્રમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે કેટલાંક લોકો એવા છે જે ક્યામતના દિવસે ખુદાની કૃપાની છત્રછાયામાં રહેશે:

૧. ન્યાયી સરદાર અને આગેવાન.

૨. ખુદાએ ચીંધેલા માર્ગે ચાલનાર યુવાન.

૩. એવી વ્યક્તિ કે જેણે બે નમાઝો વચ્ચે ગુનાહ ન કર્યો હોય.

૪. એ વ્યક્તિ કે જે એકાંતમાં ખુદાને યાદ કરીને રડે.

૫. એવી વ્યક્તિ કે જે સુંદર સ્ત્રીના આમંત્રણ છતાંયે ગુનાહની બીક રાખે અને પોતાનું (ગુનાહથી) રક્ષણ કરે.

૬. એવી વ્યક્તિ કે જે ખુદાની પ્રસન્નતા પામવા માટે ગુપ્ત રીતે સદકો (દાન) આપતો હોય અને (લોકો ઉપર) ઉપકાર કરતો હોય.

# મોમિનની જવાબદારીઓ

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ દરેક મોમિન વ્યક્તિની એ જવાબદારી છે કે તેઃ-

બીજા મોમિન માટે અરીસો બને. (એટલે કે તે બીજા મોમિનના સદ્‌ગુણો અને દુર્ગુણોની બાબતે તેનું ધ્યાન દોરતો રહે.

તેની (બીજા મોમિન)ના જીવનની મુશ્કેલીઓ અને આવશ્યકતાઓનો ઉકેલ લાવવા પ્રયત્નશીલ રહે.

તેની પરિસ્થિતિ સુધારવા માટે તેની સહાયતા કરતો રહે.

(બિહારૂલ અનવાર, ભા ૭૪, પા ૪૧૪)

# ધર્મપરાયણ (દીનદાર) બનાવો નહીં તો.....

ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

વહેલામાં વહેલી તકે પોતાના સંતાનોને ઈસ્લામી હદીસો અને ધાર્મિક (મઝહબી) નીતિનિયમો (મસાઈલ) શિખવી દો. તમારા વિરોધીઓ તમારા કરતાં પહેલાં પોતાનું કાર્ય કરી જાય અને તમારા બાળકોના મન પોતાની ગેરમાર્ગે દોરનારી માન્યતાઓથી ભરી દે તે પહેલાં!!! (ઉસૂલે કાફી, ભાગ ૬)

# અમીરૂલ મોઅમેનીન અ.સ.ના

# મહત્વના બોધવચનો

શૈખ સદૂક (રહ) એ જનાબ અબ્દુલ અઝીમ-બિન-અબ્દુલ્લાહ-હસનીની રિવાયત વર્ણવી છે કે મેં ઈમામ મુહમ્મદ તકી અ.સ.ની સેવામાં હાજર થઈને અરજ ગુજારીઃ "હે ફરઝન્દે રસૂલ અ.સ.! આપના વડીલોએ વર્ણવી હોય એવી હદીસ સંભળાવો!"

આપ હઝરત અ.સ. એ ફરમાવ્યુંઃ મારા મહાન પિતાએ પોતાના વડીલોની હદીસ વર્ણવી છે કે અમીરૂલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યું છે કે લોકો જ્યાં સુધી એક-બીજાથી જુદા પડતાં હશે ત્યાં સુધી શાંતિ અને અમન ચેનથી રહેશે પરંતુ જ્યારે બધાં એક સમાન થઈ જશે ત્યારે નષ્ટ થઈ જશે.

મેં (જનાબ અબ્દુલ અઝીમ) એ અરજ ગુજારીઃ હે ફરઝન્દે રસૂલ અ.સ.! કાંઈ વધુ ફરમાવો.

પછી હઝરત અ.સ. એ પોતાના વડીલો અને અમીરૂલ મોઅમેનીન અ.સ. ની હદીસ વર્ણવી કેઃ "જો તમો એક-બીજાના પાપ અને દુર્ગુણો જાણી લો તો એક-બીજાને દફન પણ નહીં કરો."

જનાબ અબ્દુલ અઝીમએ અરજ ગુજારીઃ ફરઝન્દે રસૂલ અ.સ.! હજી પણ કાંઈ વધુ ફરમાવો.

પછી હઝરત અ.સ. એ પોતાના વડીલો અને અમીરૂલ મોઅમેનીનના બોધવચનનું વર્ણન કર્યું કેઃ

"તમારા ધનમાં એટલી શક્તિ નથી કે તમો એક-બીજાને આપી શકો. (એટલે કે ધન વડે તમો એક-બીજાને સમૃધ્ધ નથી કરી શકતાં તેથી પ્રસન્ન મુખ અને વિનમ્રતા થકી એક-બીજાને પ્રસન્ન કરતાં રહો કેમકે મેં રસૂલે ખુદા સ.અ.વ. પાસેથી સાંભળ્યું છે કે તમો લોકોને ધન વડે પ્રસન્ન નથી કરી શકતાં તેથી (પોતાના) સદ્‌ચારિત્ર વડે પ્રસન્ન કરો."

જનાબ અબ્દુલ અઝીમ ફરમાવે છે કે મેં અરજ ગુજારી કે ફરઝન્દે રસૂલ અ.સ.! હજી પણ કાંઈ વધુ ફરમાવો ત્યારે હઝરત અ.સ. એ ફરમાવ્યું: "અમીરૂલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યું છે કે જે સમગ્ર સમાજ ઉપર ક્રોધે ભરાય છે તેનો ક્રોધ દીર્ઘકાલિન હોય છે એટલે કે સમગ્ર સમાજ (જગત)ની અપ્રિય વાતો એક-બે તો હોતી નથી કે જેમના પત્યા પછી મનુષ્યનો ક્રોધ પણ સમી જાય પરંતુ સમગ્ર સમાજ (જગત)ની અપ્રિય વાતો અસંખ્ય-અનંત હોય છે તેને કારણે મનુષ્યનો ક્રોધ પણ અનંત-દીર્ઘકાલિન હોય છે." (સફીનતુલ-બિહાર, ભા ૨, પા ૧૨૦)

નહજુલ બલાગામાં પણ આપ અ.સ.નો આ અર્થમાં જ એક ફરમાન છે કે:

"કાંટાઓની ઉપેક્ષા કરો નહીં તો પ્રસન્ન નહીં રહી શકો એટલે કે જગત અને સમાજની અપ્રિય વાતો, દુઃખ, મુશ્કેલીઓ, વિશ્વાસઘાતી મિત્રો પ્રત્યે ઉપેક્ષા રાખો (તેને જતી કરો - તે પ્રત્યે ધ્યાન ન આપો) તેને સહન કરી લો - નહીં તો કદીયે પ્રસન્ન નહીં રહી શકો અને હમેશાં ક્રોધિત રહેશો - અને જગતની પ્રકૃતિજ અપ્રિય વસ્તુઓથી ઘડાએલી છે."

રિવાયતમાં છે કેઃ ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. એ પોતાના (એક) પુત્રને ફરમાવ્યું છે કેઃ"જો કોઈ તમારી જમણી બાજુએ ઉભો રહીને તમને ગાળ આપે અને પછી (તરત જ) ડાબી બાજુએ આવીને ક્ષમા યાચના કરી લે તો તેને માફ કરી દેજો અને (તે) જે બહાનુ રજુ કરે તેને સ્વીકારી લેજો."

જનાબ અબ્દુલ અઝીમ હસની તે પછી પણ ઈમામ મુહમ્મદ તકી અ.સ. ને સતત હદીસો બયાન કરવાની વિનંતીઓ કરતાં રહ્યાં અને આપ સ.અ. એ ઈમામ અલી અ.સ.ની નીચે મુજબની કેટલીક હદીસો વર્ણવી હતીઃ

- ભૂંડા લોકોની સોબત સારા (ભલા) લોકો પ્રત્યે શંકા-કુશંકાનું કારણ બને છે.
- દરેક વ્યક્તિનું મુલ્ય અને દરેક માણસનું સ્થાન તે વિદ્યા, હુન્નર અને જાણકારી જ છે કે જે તેને સારી રીતે આવડતી હોય.
- દરેક વ્યક્તિ તેની જીભની નીચે સંતાએલો હોય છે એટલે કે તે જ્યાં સુધી બોલશે નહીં ત્યાં સુધી તેની હેસીયતની જાણ નહીં થઈ શકે.
- જે વ્યક્તિ પોતે કેટલા પાણીમાં છે તે જાણી લેશે તે કદી નાશ પામશે નહીં.
- કોઈ પણ કાર્ય કરતાં પહેલાં અને કોઈ પણ પગલું ભરતાં પહેલાં પુખ્ત વિચારણાં કરીને આયોજન કરનાર વ્યક્તિને કદી પસતાવ્વાનો વારો આવતો નથી.

⇨ જ્યારે કોઈ વ્યક્તિ ફક્ત પોતાની માન્યતા અને ફક્ત પોતાના બુધ્ધિચાતુર્ય પર ભરોસો રાખીને બીજાઓથી સલાહ-મશ્વરો કર્યા વગર અત્યંત અગત્યના કાર્યો પાર પાડવા પ્રયત્ન કરે છે ત્યારે તે વ્યક્તિ પોતે જ પોતાને મુશ્કેલીમાં મૂકે છે.

⇨ કુટુંબ કબીલા (કુટુંબના સભ્યો)ની ઓછપ એક શ્રીમંતાઈ છે કેમકે જો કુટુંબના સભ્યોની સંખ્યા ઓછી હશે તો તેનું જીવન સરળતાથી પસાર થાય છે અને (ખર્ચ પણ ઓછો હોવાને કારણે) આજીવિકામાં વિપુલતા જણાય છે અને તે રીતે ધનમાં પણ (બચતમાં પણ) આ પરિસ્થિતિ હોય છે.

⇨ જ્યારે કોઈ વ્યક્તિમાં સ્વચ્છંદિતા આવી જાય છે ત્યારે તેનો વિનાશ થાય છે.

⇨ જેને એ બાબતે વિશ્વાસ હોય કે જે કાંઈ તે આપે છે તેનો બદલો તેને અવશ્ય મળશે તો તે દયા-કૃપા (આપવા)માં પાછો નહીં પડે કેમકે તે જાણતો હોય છે કે આનો બદલો તેને જરૂર મળશે.

⇨ જે પોતાનાથી નિમ્ન (પોતાના હાથ નીચેના) વ્યક્તિના સુખ-ચેન અને સલામતીની ચિંતા કરે છે ત્યારે તેને પોતાના ઉપરવાળા (ઉપરી અધિકારી) તરફથી સુખ-ચેન અને સલામતી પ્રાપ્ત થાય છે.

અબ્દુલ અઝીમે ફરમાવ્યું: “પછી મેં ઈમામ મુહમ્મદ તકી અ.સ.ની સેવામાં અરજ ગુજારી કે આપે જે કાંઈ પણ ફરમાવ્યું છે તે પુરતું છે.” (અમાલીયે શૈખ સદૂક, પા ૩૬૨)

# ખાદ્યપદાર્થો અને તેના ગુણધર્મ

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## સફરજન:

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ



સફરજન ખાવાનું રાખો કેમકે

તે પેટને પવિત્ર (સાફ) કરે છે.

(ઊસૂલે કાફી, ભા ૬, પા ૩૫૭, હ ૧૧)



## દાડમ:



ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

દાડમને તેના સફેદ ભાગ

(વચ્ચેની સફેદ ખૂબ જ પાતળી પડદી) સાથે

ખાઓ કેમકે તે જઠરને સાફ કરે છે અને

યાદશક્તિ (મગજની શક્તિ)ને વધારે છે.

(કાફી, ભા ૬, પા ૩૫૪, હ ૧૨)

# શીઆની નિશાનીઓ

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

નિઃશંકપણે અલીનો શીઆ એ છે કે જે પોતાના પેટ અને વાસનાને કાબૂમાં રાખતો હોય.

તેનો (ધર્મ-દીન માટેનો) જિહાદ અને પ્રયત્નો સખત હોય.

તેના કાર્યો તેના સર્જનહાર માટેના જ હોય.

પુણ્ય (સદ્કાર્યોનો બદલો) માટે તે ખુદા પાસેથી જ આશા રાખતો હોય.

ખુદાની સજાથી બીક રાખનાર હોય.

(ઉસૂલે કાફી, ભા ૨, પા ૨૩૩)

# મુસલમાન અને મુહાજિરની નિશાનીઓ

નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ

શું હું તમને કહું કે મુસલમાન કોને કહેવાય? જેની જીભ અને હાથથી બીજા મુસલમાનો સુરક્ષિત રહે તે જ મુસલમાન છે અને મુહાજિર તે છે જે ગુનાહોથી પ્રસ્થાન (હિજરત) કરીને તેનાથી અંતર રાખતો હોય અને ખુદાએ મનાઈ ફરમાવી છે તે સઘળી વસ્તુઓ (બાબતો)ને તજી દેતો હોય.

(ઉસૂલે કાફી, ભા ૨, પા ૨૩૫)

# અહલેબૈત અ.સ. પ્રત્યે હ્રદયમાં પ્રેમભાવ પેદા કરવાના ઉપાયો

ગયા અંકમાં આપણે અહલેબૈત અ.સ. સાથે પ્રેમભાવના મહત્વ અને તેના ફાયદાઓ વિશે વાંચી ગયાં. ચાલો, આ અંકમાં અહલેબૈત અ.સ. પ્રત્યે હ્રદયમાં પ્રેમભાવ કેવી રીતે પેદા કરી શકાય તેના ઉપાયો જાણી લઈએઃ

**૧. આ માટે બાળપણથી જ ખાસ આયોજનઃ-**

મનુષ્યના વ્યક્તિત્વના ઘડતરમાં અસરકર્તા બાબતોની શરૂઆત બાળકના નિશાળમાં પ્રવેશ કે સમાજમાં તે પગ મૂકે તેનાથી ખૂબ વહેલાં થઈ જાય છે. મનુષ્યના વ્યક્તિત્વ અને ચારિત્રના ઘડતરનો સંબંધ બાળકના ભોજન - માતાના ધાવણ અને મા-બાપના પોતાના વ્યક્તિત્વ અને ચારિત્ર સાથે હોય છે. આ બાબતે વંશીય લક્ષણો પણ એક મહત્વની બાબત ગણાય.

હઝરત અલી અ.સ. થી રિવાયત છે કે આપ અ.સ. એ ફરમાવ્યું છે કે મેં ખુદા પાસે સુંદર અને સુડોળ બાળકો માંગ્યાં નહોતાં પરંતુ એવી દુઆ કરી હતી કે મને એવા સંતાન આપજે કે જે ખુદાની આજ્ઞાઓનું પાલન કરનારા અને તેની (તેના ક્રોધની) બીક રાખનારા હોય જેથી જ્યારે પણ હું તેમને ખુદાના આજ્ઞાંકિત જોઉં તો મારા હ્રદયને ટાઢક મળે. (બિહારૂલ અનવાર, ભા ૧૦૧, ,પા ૯૮)

ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. એ પણ પોતાની ખાસ દુઆઓમાં બાળકો માટે મોટે ભાગે ધાર્મિક (દીની) આધ્યાત્મિક અને સદ્‌ચારિત્ર અને ધર્મપરાયણતા (પરહેઝગારી-





તકવા) દિવ્યદ્રષ્ટિ - અલ્લાહની આજ્ઞાંકિતતા - અલ્લાહના વલીઓ (અવલિયા - અલ્લાહ) પ્રત્યે પ્રેમ અને અલ્લાહના શત્રુઓ પ્રત્યે વેરભાવ (દુશ્મનાવટ) જેવા ગુણોની યાચના કરી છે અને તેમને સદ્‌ચારિત્રવાન - પરહેઝગાર - દિવ્યદ્રષ્ટિ - સત્યને સ્વીકારનાર - પોતાનો (એટલે ખુદાનો) આજ્ઞાકારી - પોતાના મિત્રોના મિત્ર અને શુભેચ્છક અને પોતાના સઘળા શત્રુઓનો શત્રુ અને દુશ્ચિંતક બનાવવા યાચના કરી છે. (સહીફએ સજ્જાદિયા, દુઆ નં ૨૫)

આમ બાળપણ ધાર્મિક પ્રશિક્ષણ અને તેમનામાં ખુદા અને તેના વહાલા બંદાઓ પ્રત્યે બાળકોના હૃદયમાં પ્રેમભાવ પેદા કરવાનો સમયગાળો છે અને તે સમયગાળામાં જ તેમના હૃદયમાં અહલેબૈત અ.સ. પ્રત્યે પ્રેમભાવ પેદા કરવું તે પણ તેમના આ ધાર્મિક પ્રશિક્ષણનો જ એક ભાગ છે. આપણે ઈમામ હુસૈન અ.સ. ના શોક (અઝા)ની મજલિસોમાં જવું - ત્યાં અબા-અબ્દિલ્લાહિલ-હુસૈન અ.સ. ના શોકમાં રડવું - અઈમ્મા અ.સ. અને અહલેબૈત અ.સ. ના બોધ અને તેમની રિવાયતો સાંભળવી એ બધું આપણાં બાળકોના મન ઉપર ઘેરી અસર કરે છે કે જેઓ આપણાં ખોળામાં હોય છે અને એટલે સુધી કે જેઓ માના ગર્ભમાં ઉછરી રહ્યા હોય છે.





**ર. આબે ફુરાત અને ખાકે શિફાથી લાભાંવિત થવું:-**

અલહેબૈત અ.સ. સાથે સબંધિત વસ્તુઓથી લાભ લેવો તે તેમનાથી પ્રેમ અને મિત્રતાના બંધનને સુદ્રઢ કરે છે. તે કુટુંબ પ્રત્યે શ્રધ્ધા વ્યક્ત કરવા માટે ''આશૂરા'' એ વિશિષ્ટ માધ્યમ છે. અનેક હદીસો પ્રમાણે ખુદાવન્દે આલમે હુસૈન-ઈબ્ને-અલી અ.સ.ની પવિત્ર કબરની માટીમાં રોગમુક્તિ (શિફા) અને ઈલાજના ગુણ રાખ્યાં છે. (વસાએલુશ્શીઆ, ભા ૩, પા ૪૧૧) તે માટી અને પાણીમાં પ્રેમ પેદા કરવાની તાસીર પણ રાખવામાં આવી છે.

ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે: ''જે વ્યક્તિ આબે ફુરાત પીએ અને તેના વડે પોતાના બાળકના માથાને ભીંજવે - તે અમારા કુટુંબને પ્રેમ કરનારો હશે.'' (બિહારૂલ અનવાર, ભા ૯૭, પા ૨૨૮-૨૩૦)

ઈમામ અ.સ. એ બાળક જન્મે ત્યારે તેને ''ખાકે શિફા'' ચટાડવાની આજ્ઞા આપતાં ફરમાવ્યું છે કે: ''પોતાના બાળકોને 'ખાકે શિફા' ચટાડો કેમકે તે તેમના રક્ષણનું કારણ છે.'' (વસાએલુશ્શીઆ, ભા ૧૦, પા ૪૧૦; બિહારૂલ અનવાર, ભા ૯૮, પા ૧૨૪ અને ૧૩૬)

જો કે રિવાયતોમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે જ્યારે માણસને એ વાત ઉપર સંપૂર્ણ શ્રધ્ધા હોય કે ખુદાવન્દે આલમે ખાકે શિફામાં લાભ અને રોગમુક્તિના ગુણ રાખ્યાં છે ત્યારે જ ખાકે શિફાના ઉપયોગથી લાભ થાય છે.

(બિહારૂલ અનવાર, ભા ૯૮, પા ૧૨૩)





૩. અહલેબૈત અ.સ. પ્રત્યેના પ્રેમનો પ્રચાર-પ્રસારઃ-

અઈમ્મએ માઅસૂમીન અ.સ. પોતાના ચાહવાવાળાઓથી અખુટ પ્રેમ કરે છે. આ બાબત અહલેબૈત અ.સ. ના ચાહવાવાળાઓ માટે એક મહાન ગર્વની બાબત છે કે આપણાં અઈમ્મા અ.સ. એ પોતાના ચાહવાવાળાઓ પ્રત્યે પોતાના પ્રેમની અભિવ્યક્તિ પણ કરી છે. અહલેબૈત અ.સ. ના ચાહવાવાળાઓમાં આ વાતનો ખૂબ જ પ્રચાર કરવો જોઈએ જેથી કરીને તેઓને પોતાની મહાનતાની પ્રતિતી થાય અને તેઓ મોટા પ્રમાણમાં પોતાને અહલેબૈત અ.સ.ના ચારિત્રને અનુરૂપ બનાવે.

આ બાબતમાં કેટલીક હદીસો વર્ણવવામાં આવી છેઃ

એક વ્યક્તિ ઈમામ અલી અ.સ.ની સેવામાં હાજર થયો અને અરજ ગુજારી કે હે અમીરૂલ મોઅમેનીન! (આપને સલામ હજો!! અને ખુદાની રેહમત અને બરકત હજો) આપની સવાર કઈ સ્થિતિમાં પડી?

ઈમામ અ.સ. એ તેને જોઈને તેના સલામનો જવાબ આપ્યો અને કહ્યુંઃ ''મારી સવાર એ સ્થિતિમાં પડી કે હું મારા ચાહવાવાળા સાથે પ્રેમ કરૂં છું અને એનો શત્રુ છું જે તેનાથી વેરભાવ રાખતો હોય.'' (સફીનતુલ બિહાર, ભા ૨, પા ૧૭)

ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. એ પણ ફરમાવ્યું છે કેઃ ''જે કોઈ અમને પ્રેમ કરે છે તે અમો અહલેબૈત પૈકીનો જ છે.''




ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ ‘‘તમો પૈકી જે કોઈ પરહેઝગારી (તકવા)થી રહે અને (એક-બીજા સાથે) સલાહ મશ્વરો કરતો રહે અને (લોકોની - સમાજની) સુધારણાં બાબતે પ્રયત્નશીલ રહે તો તે અમો અહલેબૈત પૈકીનો છે.’’ (તફસીરે અયાશી, ભા ૨, પા ૨૩૧)

એ બાબત સમજવા જેવી છે કે પરહેઝગારી (તકવા) અને સદ્‌ચારિત્ર વગર ફકત અહલેબૈત અ.સ. પ્રત્યેનો પ્રેમ કોઈ લાભ પહોંચાડશે નહીં અને જો પ્રેમ સાચો હોય તો તે મનુષ્યને પોતાના પ્રિય વ્યક્તિનો સાથી - સમાન આચાર વિચારવાળો અને સમાન ચરિત્રવાળો બનાવી દે છે.

**શીઆઓ પર અહલેબૈત અ.સ.ની દયા-કૃપાઃ-**

અહલેબૈત અ.સ.ના અનુયાયીઓ અને તેમને ચાહવાવાળાઓ પયગમ્બર સ.અ.વ.ની કૃપાદ્રષ્ટિ અને દયાનું કેન્દ્ર હોય છે. અહલેબૈત અ.સ. પોતાને ચાહવાવાળાઓને પસંદ કરે છે, તેમને ઓળખે છે અને તેમને પોતાનાથી સબંધિત વૃક્ષની ડાળીઓ તરીકે ગણે છે અને આખેરતમાં તેમના ગુનાહો માફ કરવાની અલ્લાહ સમક્ષ ભલામણ (શફાઅત) કરે છે અને પોતાને ચાહવાવાળાઓને કદી વિસરી જતાં નથી. આ વિશે ઘણી હદીસો છેઃ દા.ત. ઈમામ સાદિક અ.સ. એ અબૂ-બસીરને ફરમાવ્યું છે કેઃ ‘‘અમો અમારા શીઓઓને એવી રીતે જ ઓળખીએ છીએ કે જેવી રીતે એક મનુષ્ય





પોતાના સ્વજનો (કુટુંબીજનો-ઘરના સદસ્યો)ને ઓળખે છે.''

(બીહારૂલ અનવાર, ભા ૨૬, પા ૧૪૬)

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ ''જ્યારે કયામતનો દિવસ આવશે ત્યારે ખુદાવન્દે આલમ અમારા શીઆઓનો હિસાબ અમારા સુપ્રત કરી દેશે.'' (બિહારૂલ અનવાર, ભા ૭, પા ૨૦૩)

આપ અ.સ.ની જ એક બીજી હદીસ પણ છે કેઃ ''અમે જ્યાં હોઈશું ત્યાં જ અમારા અનુયાયીઓ પણ હશે.'' (બીહારૂલ અનવાર, ભા ૮, પા ૪૧)

ઈમામ સાદિક અ.સ. મસ્જિદમાં શીઆના એક સમૂહને જોઈને તેમની પાસે ગયાં, તેમને સલામ કર્યો અને ફરમાવ્યુંઃ ''અલ્લાહના સમ! હું તમારી સુગંધ (તમારા શરીરની સુગંધ) અને તમારા આત્માને પસંદ કરૂં છું, પરહેઝગારી અને સતત પરિશ્રમ થકી અમારી સહાયતા કરતાં રહેજો. તમો ખુદાના દીનના સહાયકો છો, તમો જ એ લોકો છો કે જેઓ સૌથી પ્રથમ જન્નતમાં જશો. અમોએ તમારા માટે જન્નતની જવાબદારી લીધી છે. દરેક વસ્તુની એક પ્રતિષ્ઠા હોય છે અને દીન (ઈસ્લામ ધર્મ)નો આધાર સ્તંભ શીઆઓ છે. દરેક વસ્તુનો એક સરદાર અને વડીલ-આગેવાન હોય છે અને સર્વશ્રેષ્ઠ સભાઓ (મજલિસો)ના સરદાર અને શીરોમણી અમારા શીઆઓની સભાઓ (મજલિસો) છે.''

(બિહારૂલ અનવાર, ભાગ ૬૫, પા ૪૩)

# જન્નતમાં જવાની બે શરતો

કુરઆને મજીદમાં ઈર્શાદ થએલ છે કેઃ

“જે કોઈ વ્યક્તિ દુરાચાર કરશે તો તેને તેની સજા મળશે જ અને સ્ત્રી કે પુરૂષ જે કોઈ પણ સદાચાર કરતો હશે અને સાથે ઈમાન પણ રાખતો હશે તો તેવા લોકો જન્નતમાં જશે.” (સૂરએ ગાફિર, આયત ૪૦)

આ આયતનો અર્થ-સંદેશો તદ્દન સ્પષ્ટ છે કે જો કોઈ વ્યક્તિ આ જગતમાં ભૂંડા કાર્યો કરશે તો આખેરતમાં તેને તેનો બદલો આપવામાં આવશે અને ભૂંડા કાર્યોનો બદલો ભૂંડો જ હોય છે અને સદ્કાર્યો કરનાર -પછી તે પુરૂષ હોય કે સ્ત્રી- તેમને પણ તેમના સદ્કાર્યોનો બદલો આપવામાં આવશે પરંતુ પ્રથમ એ પણ જોવામાં આવશે કે તેઓ ઈમાન ધરાવે છે કે નહીં અને જો ઈમાન નહીં રાખતો હોય તો તેનું કાર્ય પણ સ્વીકારવાને પાત્ર ગણાશે નહીં.

## આખેરત ઉપર ઈમાન!!!

કુરઆને મજીદ આખેરતથી ઈન્કાર કરવાવાળાઓ વિશે કહે છે કેઃ

“જ્યારે ખુદાના એક અને એકમાત્ર હોવા (વહદાનીયત)નું વર્ણન કરવામાં આવે છે ત્યારે જે લોકોના મનમાં આખેરત ઉપર ઈમાન નથી હોતું તે લોકોના મનમાં અલ્લાહનું વર્ણન (ઝિક્ર) સાંભળીને નફરતની લાગણી ઉત્પન્ન થાય છે અને જ્યારે અલ્લાહ સિવાય અન્ય કોઈનું વર્ણન કરવામાં આવે છે ત્યારે આવા લોકો પ્રસન્ન થઈ જાય છે.” (સૂરએ ઝોમર, આયત ૪૫)

આ આયતમાં એવા લોકો વિશે વર્ણન કરવામાં આવ્યું છે કે જેઓ આખેરત ઉપર ઈમાન (શ્રધ્ધા) નથી રાખતાં. તેમની સ્થિતિ એવી હોય છે કે અલ્લાહના વર્ણન વખતે તેઓ દુઃખી અને અલ્લાહ સિવાય અન્યના વર્ણન વખતે તેઓ પ્રસન્ન થઈ જતાં હોય છે.

આપણે પણ આ બાબતે સાવધ રહેવાની જરૂર છે ક્યાંક આ દુર્ગુણ આપણામાં તો પેસી ગયો નથી ને! કે આપણે પણ અલ્લાહના ઝિક્ર વખતે - ઈબાદતની શિખામણ કોઈ આપે ત્યારે - દુઃખી તો નથી થઈ જતાં ને! ત્યારે આપણને ખોટું તો નથી લાગતું ને! અને હજાર બહાનાઓ આપણાં મગજમાં આવી નથી જતાં ને!? અને જો ફાલતુ - દીનના કાર્યો સિવાયના કાર્યો કરવાની તક મળે ત્યારે ખુશીથી તેને સ્વીકારીને તેમાં ઓતપ્રોત થઈ જઈએ છીએ??!!

એટલે કે ક્યાંક એવું તો નથી ને કે નમાઝ માટે સમય નથી પરંતુ ટીવી ઉપર આનંદ પ્રમોદની સીરીયલો જોવાનો, ફિલ્મો જોવાનો, ધીંગા મસ્તીમાં શામેલ થવાનો સમય મળી રહે છે! જો આપણાંમાં આવી વૃત્તિ ઉત્પન્ન થઈ ગઈ હોય તો આપણને ઉપરોક્ત આયતનો અલ્લાહનો સંદેશો લાગૂ પડે છે. એટલા માટે કે અલ્લાહની વાતો પ્રત્યે આપણને અણગમો થાય છે અને અલ્લાહની આજ્ઞા સિવાયના કામોમાં સક્રિય રીતે ખુશી ખુશી શામેલ થઈએ. જો આવી પરિસ્થિતિ હોય તો આપણે પોતે જ પોતાની સુધારણાં કરવાની જરૂર છે અને તે માટે અલ્લાહ અને આખેરત ઉપર આપણી શ્રધ્ધા-આપણું ઈમાન દ્રઢ કરવાની આવશ્યકતા છે.

# માઅસૂમીન અ.સ.ની શિખામણો

- ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ "દ્રષ્ટિ નીચે રાખવી તે પુરૂષત્વની નિશાની છે." (ગોરરૂલ હેકમ, ઉર્દૂ, ભાગ ૨, પાન નં ૧૫૬)

  એક ગ્રામિણ (ગ્રામિણ અરબ)ના મૌલાને કેટલાંક પ્રશ્નો અને તેના મૌલાએ આપેલ જવાબો

- પ્રશ્નઃ એ કયો નિર્જીવ પદાર્થ છે જેણે એક સજીવને ઉત્પન્ન કર્યો હતો?
- જવાબઃ એ એક પત્થર હતો કે જેણે જનાબ સાલેહ અ.સ. ના ઉંટને જન્મ આપ્યો હતો.
- પ્રશ્નઃ એ કયા નર અને માદા છે કે જેમના માં-બાપ નથી?
- જવાબઃ એ હઝરત આદમ અ.સ. અને બીબી હવ્વા છે.
- પ્રશ્નઃ એ કયા બે મિત્રો છે કે જેમના વચ્ચે કદી દુશ્મનાવટ નહીં થાય?
- જવાબઃ એ શરીર અને આત્મા છે કે જેમની વચ્ચે ક્યારેય દુશ્મનાવટ નહીં થાય.

- પ્રશ્નઃ એ કયા બે શત્રુઓ છે કે જેમની વચ્ચે કદીયે મિત્રતા નહીં થાય?
- જવાબઃ એ શત્રુઓ જીવન અને મૃત્યુ છે.
- ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

૧. મનુષ્યની ભૂલો તેને એવો પાઠ ભણાવે છે અને એવું જ્ઞાન આપે છે જે તેને કોઈ પણ પાઠશાળા કે વિધાલયમાં મળી શકે નહીં. (મીઝાનુલ હિકમત, ભાગ ૧)

૨. જે વ્યક્તિ મૃત્યુ પછીના જીવન (આખેરત)ને ખૂબ યાદ કરે છે તેની (અલ્લાહની આજ્ઞાની) અવજ્ઞા (નાફરમાનીઓ) ઓછી થઈ જાય છે. (મીઝાનુલ હિકમત, ભાગ ૧)

૩. અજ્ઞાની લોકો ધન-દોલત માટે મનની શાંતિને લુટાવી દે છે જ્યારે જ્ઞાની લાકો મનની શાંતિ માટે ધન-દોલત લુટાવી દે છે.

૪. જે (તમને) દુઃખ પહોંચાડે તેનાથી સંબંધ ન રાખો અને (તમો પણ) જેની સાથે સંબંધ રાખો તેને દુઃખ ન પહોંચાડો.

السلام عليك يا علي بن ابي طالب عليه السلام

# આપણાં નબી સ.અ.વ.ના સદ્ચારિત્રના દ્રષ્ટાંતો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

**પયગમ્બર સ.અ.વ.નો પોશાકઃ-**

- આપ હઝરત સ.અ.વ. એકી સાથે ક્યારેય બે વસ્ત્રો નહોતાં પહેરતાં.
- ક્યારેક પટ્ટાવાળા "બુર્દે-યમાની" પહેરતાં અને ક્યારેક ઉનની "અબા" ઉપર નાંખી લેતાં હતાં.
- તેવી જ રીતે સુતરાઉ અને કતાન (એક પ્રકારનું કાપડ)ના વસ્ત્રો પણ પહેરતાં હતાં.
- મોટા ભાગે સફેદ વસ્ત્રો પહેરતાં.
- ઝભ્ભાને જમણી બાજુએથી પહેરતાં.
- જુમ્આ (શુક્રવાર) માટે એક ખાસ પોશાક હતો.
- જ્યારે નવો પોશાક પહેરતાં તો જુના પોશાકને ભિક્ષુકને આપી દેતાં.
- જ્યારે કોઈ જગ્યાએ બેસતાં તો અબાને બેવડી ગડી કરીને બિછાવી દેતાં હતાં.
- પોતાના જમણાં હાથની નાની આંગળીમાં ચાંદીની વિંટી પહેરતાં હતાં.

**સમાજમાં પયગમ્બર સ.અ.વ.ની રહેણી કરણીઃ-**

- આપ હઝરત સ.અ.વ.ને સુગંધ પસંદ હતી.
- દુર્ગંધ જરાયે ગમતી નહોતી. વઝુ વખતે દાતણ (મિસ્વાક) કરતાં હતાં.
- પોતાની સવારી ઉપર પોતાના દાસ અથવા બીજા કોઈને પાછળ બેસાડી લેતાં હતાં.



- આપ સવારી માટે દરેક પ્રકારના પ્રાણીઓ દા.ત. ઘોડા, ગધેડાં, ખચ્ચર પર સવારી કરતાં હતાં.
- ગધેડાની ઉઘાડી પીઠ ઉપર જીન વગર ફકત લગામ લઈને સવાર થઈ જતાં હતાં.
- ક્યારેક એવું પણ બનતું કે અબા-અમામા (પાઘડી) અને અર્કચીન (ટોપી) પહેર્યા વગર પણ ઉઘાડા પગે નીકળી જતાં.
- જનાઝામાં જતાં.
- દૂર દૂર સુધી જઈને બીમારોના ખબર અંતર પુછતાં.
- દરિદ્રોની સાથે બેસીને જમતાં. પોતાના મુબારક હાથ વડે તેમને ખવડાવતાં.
- જે સદ્ચારિત્રમાં ઉચ્ચ દરજ્જાનો હોય તેને આદર આપતાં.
- આદરણીય વ્યક્તિઓ સાથે પ્રેમપૂર્વક અને સદ્વ્યવહાર પૂર્વક વર્તાવ કરતાં.
- પોતાના સગાઓ સાથે સારો, દયા-કૃપા ભર્યો સબંધ રાખતાં અને વર્તાવ કરતાં પરંતુ તેમને બીજાઓ ઉપર પ્રાધાન્ય નહોતાં આપતાં.
- કદીયે કોઈના ઉપર અત્યાચાર નહોતાં કરતાં.
- ક્ષમા-યાચના કરનારની ક્ષમાને સ્વીકારી લેતાં હતાં.
- જ્યારે કુરઆન નાઝિલ નહોતું થતું તે સમયે લોકોને બોધ આપતાં.
- હઝરત સ.અ.વ.નું સ્મિત અન્યો કરતાં વધારે અને વિશિષ્ટ પ્રકારનું હતું.
- હસતાં ત્યારે પણ કદીયે ખડખડાટ નહોતાં હસતાં.

*(સુનનુન્નબી સ.અ.વ. નામના પુસ્તકમાંથી ચુંટી કાઢેલું)*

# જનાબ લુકમાનની શિખામણો

ક્રમશઃ ચાલનાર લેખમાળા

## ધર્મપરાયણતા (દીનદારી)ની ઓળખ:

હે મારા દીકરા! દરેક બાબતની એક ઓળખ હોય છે જેના વડે તે વસ્તુ કે બાબત ઓળખાય છે. તેવી જ રીતે ધર્મ (દીન)ના પણ ત્રણ ઓળખચિન્હો છે:

૧. સહનશીલતા ૨. વિદ્યા અને જ્ઞાન અને ૩. પવિત્રતા (એટલે કે જેનામાં આ ત્રણ ગુણો હોય તેને જ દીનદાર કહી શકાય.)

(બીહારૂલ અનવાર, ભા ૧૩, પા ૪૨૦, હ ૧૪)

## મૌન:

હે મારા પુત્ર! જો તમે એમ વિચારતા હોવ કે વાર્તાલાપ અને વાતો કરવી તે ચાંદીની જેમ છે તો તમારે એ પણ જાણી લેવું જોઈએ કે મૌન સોનાની જેમ છે.

(ઊસૂલે કાફી, ભા ૨, પા ૧૧૪, હ ૬)

# અલ્લાહ સમક્ષ પાપમુક્તિની સૌથી પ્રથમ ભલામણ કરનાર

*રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:*

"હું સઘળા પયગમ્બરોનો સરદાર છું અને અલ્લાહ સમક્ષ (પોતાની ઉમ્મતની) પાપમુક્તિની ભલામણ કરનાર પણ સૌથી પહેલો હું જ છું અને (પોતાની ઉમ્મત માટે) પાપમુક્તિની સૌથી પહેલાં મારી જ ભલામણનો સ્વીકાર થશે." (કન્ઝુલ ઉમ્માલ, ભા ૧૧, હદીસ ૩૧૮૮૩)

## પાપમુક્તિની સૌથી પહેલાં યાચના કરનાર

રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ

"કયામતના દિવસે પાપમુક્તિની સૌથી પહેલાં યાચના કરનારાઓમાં અમ્બિયા હશે, તે પછી ધાર્મિક વિદ્વાનો (ઓલમા) હશે અને તે પછી શહીદો (શોહદા) હશે." (કન્ઝુલ ઉમ્માલ, ભા ૧૦, હદીસ ૨૮૭૭૦)

## ઈસ્લામમાં સૌથી પહેલી શહાદત

રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ

"ઈસ્લામમાં સૌથી પહેલાં જે શહીદ થયા તે અમ્મારની માતા સુમય્યહ હતી જે અબૂજહલના અત્યાચારો અને મારપીટને કારણે શહીદ થઈ ગયાં હતાં."

# અત્યાચારના પ્રકારો

અત્યાચાર ત્રણ પ્રકારના હોય છે. કુરઆને મજીદમાં આ ત્રણ પ્રકારોનું વર્ણન છેઃ

૧. ખુદા ઉપર અત્યાચાર એટલે કે શિર્ક કરવું. બીજા કોઈને ખુદાનો સમોવડિયો અને સાથે ગણવું તે. કુરઆને મજીદમાં ઈર્શાદ થએલ છે કેઃ “જનાબ લુકમાને પોતાના પુત્રને ફરમાવ્યું કે હે મારા પુત્ર! કોઈને પણ અલ્લાહનો સમોવડિયા-સાથી બનાવતાં નહીં કેમકે આ સૌથી મોટો (ભારે) અત્યાચાર છે.” (સૂરએ લુકમાન, આયત ૧૩)

૨. પોતાના આત્મા (જાત) ઉપર જ અત્યાચાર. એટલે કે અલ્લાહે જે હદ બાંધી આપી છે તેનું ઉલંઘન કરવું તેથી જ કુરઆન કહે છે કેઃ “જે કોઈએ અલ્લાહે નિયત કરી આપેલ હદનું ઉલંઘન કર્યું તેણે જાણે કે પોતાની જાત ઉપર જ અત્યાચાર કર્યો.” (સૂરએ તલાક, આયત ૧)

૩. લોકો ઉપર અત્યાચાર કરવો. એટલે કે લોકોને ગેરમાર્ગે દોરવા વિગેરે... તે અંગે કુરઆનમાં ઈર્શાદ છે કેઃ “નૂહ (અ.સ.) એ કહ્યુંઃ હે પરવરદિગાર! તેમણે મારી અવજ્ઞા કરી અને એ લોકોનું અનુકરણ કર્યું જેમના ધન-દોલત અને વંશ એ તેમના નુકશાનમાં વૃધ્ધી જ કરી છે. તે લોકોએ ખુબજ છળકપટથી છેતરપીંડી કરી છે અને (તે રીતે) તેમણે ઘણાં લોકોને ગેરમાર્ગે દોર્યા છે અને પરવરદિગારે પણ તે અત્યાચારીઓની ભ્રમણામાં વધારો જ કર્યો.” (સૂરએ નૂહ, આ ૨૪)



ઈમામ અલી અ.સ. એ પણ પોતાના એક બયાનમાં અત્યાચારના ત્રણ પ્રકાર દર્શાવ્યાં છે. આપ અ.સ. એ ફરમાવ્યું છેઃ

જાણી લો કે અત્યાચારના ત્રણ પ્રકાર છે; એક એ અત્યાચાર જે કદી માફ નહીં થાય. એક એ અત્યાચાર જેમાંથી મુક્તિ નહીં મળી શકે અને ત્રીજો એ અત્યાચાર જે માફ થઈ શકે તેવો હોય છે.

એ અત્યાચાર કે જે કદી માફ નહી કરવામાં આવે તે ખુદાની સાથે કોઈને તેનો સમોવડિયો- તેનો સાથી ગણવો તે છે.

એ અત્યાચાર કે જે માફ થઈ શકે તેમ છે તે મનુષ્ય પોતેજ પોતાની આત્મા- પોતાની જાત ઉપર કરેલ અત્યાચાર છે. પોતાની જાત ઉપરનો આ અત્યાચાર બંદો જ્યારે પાપ કરે છે ત્યારે કરતો હોય છે.

પરંતુ એ અત્યાચાર કે જેમાંથી છુટકારો મેળવી શકાય તેમ નથી તે એક મનુષ્યે બીજા મનુષ્ય ઉપર કરેલ અત્યાચાર છે. (એટલે કે જ્યાં સુધી અત્યાચાર પીડિત મનુષ્ય તે બીજા અત્યાચાર કરનાર મનુષ્યને માફ ન કરે ત્યાં સુધી બીજો કોઈ તેને માફ નહીં કરી શકે.) (નહેજુલ બલાગા, ખુત્બો ૧૭૬)







# જીવનનો સર્વશ્રેષ્ઠ આદર્શ-નમૂનો

**કુરઆન મજીદઃ**

**આયતઃ ખુદાવન્દે આલમ ફરમાવે છે કેઃ "નિશંક પણે રસૂલુલ્લાહનું જીવન જ તમારા માટે એક સર્વશ્રેષ્ઠ આદર્શ અને અનુકરણીય નમૂનો છે. એ લોકો માટે કે જે ખુદાની દયા-કૃપાની આશા રાખે છે અને કયામતના દિવસની બીક રાખે છે અને ખુદાને ખૂબજ વધારે યાદ કરે છે." (સૂરએ અહઝાબ, આયત ૨૧)**

## હદીસોઃ

પયગમ્બરે અકરમ સ.અ.વ. એ પોતાના સાથીઓ(અસ્હાબ)ને ફરમાવ્યું કેઃ "મારાથી સૌથી વધારે સામ્ય કોણ ધરાવે છે તે હું તમને કહું?"

સાથીઓએ કહ્યુંઃ "હા! હે રસૂલુલ્લાહ સ.અ.વ.!!"

આપ સ.અ.વ. એ ફરમાવ્યુંઃ "તમારા પૈકી જે વ્યક્તિનું ચારિત્ર સૌથી શ્રેષ્ઠ હોય, જે સૌથી વધુ દયાળુ (મહેરબાન) હોય, જે પોતાના સગા-સંબંધીઓ સાથે સૌથી સારો વ્યવહાર રાખતો હોય, જે પોતાના ધર્મ-બંધુઓ (દીની ભાઈઓ) સાથે સૌથી વધારે પ્રેમભાવ રાખતો હોય, જે સત્યના માર્ગે સૌથી વધારે ધૈર્યવાન હોય, જે ક્રોધને સૌથી વધારે કાબૂમાં રાખી શકતો હોય, જે સૌથી વધારે ક્ષમા આપનાર હોય, જે પ્રસન્ન હોય ત્યારે અને ક્રોધાવસ્થામાં હોય ત્યારે પણ સૌથી વધારે ન્યાયી રીતે વર્તનાર હોય તેવો વ્યક્તિ જ મારી સાથે સૌથી વધારે સામ્ય ધરાવનાર વ્યક્તિ છે." (કાફી, ભાગ ૪, પા ૨૪૦, હદીસ નં ૩૫)

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

"જ્યારે પણ આપ હઝરત સ.અ.વ. પોતાના કોઈ સાથી (સહાબી) ને દુઃખી જોતાં તો હાસ્યરસ વડે તેને ખુશ કરી દેતાં હતાં અને ફરમાવતાં હતાં કે જે વ્યક્તિ પોતાના ધર્મ-બંધુઓ (દીની ભાઈઓ) સાથે મોઢું બગાડીને કઠોર વ્યવહાર કરે છે તેને ખુદાવન્દે આલમ શત્રુ ગણે છે." (રસાઈલે શહીદે સાની, પાન નં ૩૨૬)

# જુઓ અને ચિત્ર બનાવો





# આર્ટ ગેલેરી





# یا جواد الائمہ



PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST, RNI NO: GUJGUJ/2015/59960
AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004
AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440
EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN